# મુદ્રારાક્ષસ કથાસાર.




તુકારામ જીવજીના મરાઠી પુસ્તકને આધારે

પ્રગટ કરનાર

**ાઘ્યાભાઈ નગીનદાસ, હરીપુરા, સુરત.**

---

ાચ. આર. સ્કોટે સુરત મિશન પ્રેસમાં છાપ્યું.

ઈ. સ. ૧૯૧૫.

---

કીમત ૧।। આનો.

# પ્રસ્તાવના



કળીયુગના આરંભમાં ઈ. સ. પૂર્વે ૬૩૭ થી ૩૭૦ સુધીમાં મગધ પ્રાંતમાં શિશુનાગ વંશના રાજા થઇ ગયા. તે વંશનો છેલ્લો રાજા મહાનંદ હતો. તે બળવાન પણ બહુ લોભી હતો નંદ રાજાઓએ ઇ. સ. પૂર્વે ૩૭૦ થી ૩૨૦ સુધી એટલે ૫૦ વર્ષ રાજ્ય કર્યું આ દેશના ઇતિહાસમા ચંદ્રગુપ્તના રાજ્યથી એક નવો જમાનો શરૂ થયો તેણે ઇ સ. પૂર્વે ૩૨૦ થી ૨૯૧ સુધી રાજ્ય કર્યું બહાર પ્રાંતથી પંજાબ પ્રાંત સુધીનો ઉત્તરનો મુલક તેણે તાબે કર્યો તે વખતે મેસિડોનિઆમા સિકંદર બાદશાહ હતો મગધમાં બૌધ ધર્મ ચાલતો હતો હવે ક્ષત્રિય વંશનો અંત આવી રહ્યો હતો.

આ વીરરસ પ્રધાન નાટકના પ્રસંગો એકેચર્ચ ચાલે છે તેમાં યુદ્ધ, ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક, પર્વતક અને સર્વાર્થસિદ્ધિનો ઘાત, મલયકેતુની છાવણીમાં રાક્ષસનુ જવુ, અને પ્રજાનો રક્ષક રાજા ચંદ્રગુપ્ત સ્વસુખ પડતુ મેલી પ્રજાના હિતમાં અર્પાય છે, વગેરે પ્રસંગો બને છે. રાક્ષસ પ્રધાન દૃઢ અને સ્વામિકાર્યમાં મચ્યો રહેનાર તો તેનામા બહુ ઉમદા સદ્ગુણ અને રાજ્યકારભાર ચ વવાની ઉચ્ચ વિશાળી બુદ્ધિ હતી. હાર પામેલા પક્ષનો માયતી હતો, માટે તેને સ્વતંત્ર રહેવા

દેતાં નવા રાજા તથા પ્રજાને તે પીડાકારી થાય આ દૂર કરવાને અને સદ્‌ગુણને યોગ્ય બદલો મળે છે, એ બતાવવાને ચાણક્યે હરેક યુક્તિ કરી.

નંદ રાજાઓ લોકને અપ્રિય થયા હતા. ચાણક્યે હકદાર અને યોગ્ય એવા ચંદ્રગુપ્તનો પક્ષ લીધો તેની યોજના કપટ-યુક્ત હતી પણ સ્વાર્થ ખાતર ન હતી. તેનુ અંતકરણ શુદ્ધ હતું. પોતે પ્રધાનપદ પર રહ્યો હોત તો તે ઘણીજ સારી રીતે રાક્ષસ વગર રાજ્યકારભાર ચલાવી શકત. પણ કોઈના જીવની હાનિ તેમજ પ્રજાને પીડા થયા વગર રાજ્ય થાળે પાડવાને તેને રાજ્યને અંગે નિર્દોષ કપટ યોજવુ પડ્યુ, અને પોતાની યોજનામાં તે સફળ થયો.

ચંદનદાસ એ મિત્રના સ્નેહભાવ અને આત્મત્યાગનો ઉત્તમ દાખલો છે. મિત્રને દગો કરવા કરતા તેણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું. બીજાં પાત્રો પણ ન્યાય અન્યાયનો વિચાર પાછળ મુકીને સ્વામિકાર્યમાં અર્પાય છે. નામોશી, માર કે મોત વેઠતાં પણ તેઓ મસલત ફોડી દેતા નથી.

આ નાનુ પુસ્તક વાંચનારને મનોરંજક લાગો એવી મારી પ્રાર્થના ઇશ્વર સફળ કરો.

ડાહ્યાભાઇ નગીનદાસ.

# કવિ વિશાખદત્ત પૃથુના મુદ્રારાક્ષસ નાટકનો કથાસાર.

जयति जलदनील: केशव: केशिघाती
जयति च जनदृष्टि चन्दमा श्चन्द्रगुप्त:
जयति जयन कार्यं यावत्कृत्वाच सर्वं
प्रतिहत परपक्षा आर्य चाणक्य नीति:॥

**અર્થ**—કેશિ દૈત્યને મારનાર મેઘ સમાન શ્યામ શરીરવાળા કેશવનો જય થાઓ. ચંદ્રગુપ્ત લોકોની નજરે ચંદ્ર સમાન છે તેનો પણ જય થાઓ જે ચાણક્ય નીતિએ શત્રુપક્ષનો સંહાર કર્યો છે અને એક મોટું લશ્કર પરાક્રમ કરી શકે તેવું મહાન કાર્ય કર્યું છે તેનો જય થાઓ.

આસરે ૨૨૦૦ વર્ષ પહેલાં મગધ દેશમાં પાટલીપુત્ર નગરમાં નંદ નામે ક્ષત્રિય રાજા રાજ્ય કરતા હતા. એ નંદ વંશમાં સર્વાર્થસિદ્ધિ નામે એક વિખ્યાત શૂરો રાજા હતો તેને કેટલાક બ્રાહ્મણ પ્રધાન હતા તેમાં રાક્ષસ નામે પ્રધાન શ્રેષ્ઠ

હતો. તે પવિત્રાઇથી વર્તનાર, શૂરો અને દંડનીતિમાં પ્રવીણ હતો તેથી રાજા તેનુ ઘણું માન રાખતા સર્વાર્થસિદ્ધિને સુનંદા નામે જ્યેષ્ઠ પત્નિ હતી અને નીચ જાતિની મુરા નામે બીજી ભાર્યા હતી તેના સદ્ગુણ અને લાવણ્યને લીધે રાજાની તે બહુ માનીતી હતી. એક પ્રસંગે કોઇ તપસ્વી અતિથિ વિપ્ર તેને ત્યા આવ્યો. રાજાએ અને રાણીઓએ સન્માન-પૂર્વક વિપ્રની પૂજા કરી. પગ ધોએલુ પાણી રાજાએ બન્ને રાણીઓ પર છાંટયુ ત્યારે નવ છાંટા પટરાણીને માથે પડયા, અને મુરા પર એક પડયો. તે પગ ધોએલા જળનુ બિંદુ તેણે બહુ ભાવથી સ્વીકાર્યું. દ્વિજ પ્રસન્ન થયો મુરાને એક ગુણસંપન્ન પુત્ર થયો. તેનુ નામ મૌર્ય પાડયુ સુનંદાને નવ આકૃતિવાળી માંસની એક પીંડી આવી રાક્ષસે તેને તેલના વાસણમા રાખી યત્નથી પોષણ કર્યું. તે ગર્ભમાથી નવ છોકરા ઉત્પન્ન થયા તેમનુ નંદ નામ પાડયુ પુત્રો મોટા થયા એટલે રાજાએ રાજ્યનો ભાર નંદ કુંવરોને સોંપ્યો અને મૌર્યને સેનાપતિ નીમી પોતે નિઃસંગ થયા (વિરામ પામ્યા). આ મૌર્યને સો પુત્રો થયા તેમા ચંદ્રગુપ્ત શ્રેષ્ઠ હતો તેણે પોતાની બુદ્ધિથી અને ગુણોથી નંદ કુંવરોને ઢાંકી નાખ્યા. એવામાં એક નવાઇ જેવી વાત બની.

# ૩

એ અરસામાં લંકા બેટના રાજાએ એક સિંહ બનાવી પાંજરામા ઘાલી નંદ પર ભેટ મોકલ્યો. તે એવો આબેહુબ સિહ હતો કે પ્રેક્ષક (જોનાર)ને તે સજીવ જેવો લાગે. તે પાંજરા પર એવો લેખ માર્યો હતો કે જે કોઈ પુરૂષ આ સિહને પાજરૂ ખોલ્યા વગર નસાડશે તે ઘણો બુદ્ધિવાન છે એમ હુ માનીશ. કમઅક્કલના નંદના આ ગુહ્યાર્થમાં કંઈ સમજાયું નહિ નંદે ચંદ્રગુપ્તને મારવા ગોઠવણ કરી હતી પણ તે અત્યાર સુધી મરાયો ન હતો. તે બહુ પહોંચેલો ને ચતુર હતો. તેણે લોઢાનો સળીઓ તપાવી તે સિહના શરીરમાં ભોકયો એટલે મીણ પીગળવા લાગ્યુ એ જોતાં સર્વ પ્રેક્ષકો વિસ્મય થયા. ચંદ્રગુપ્ત પોતાની અક્કલ હોશિયારીને લીધે નંદના સપાટામાં આવ્યો ન હતો. પછી તે ભાગ્યબળથી ઉંચે ચઢયો. તે ઉદાર, શૂરો, ગંભીર વિનયી વગેરે ગુણવાળો હતો અને તેના શરીરમા અજાનબાહુ ઈત્યાદિ રાજલક્ષણ હતાં આ બધાને લીધે તે દુષ્ટબુદ્ધિ નંદની આંખમા ખુચી રહ્યો હતો. માટે ફરી તેને કપટથી મારવા નંદ રાજાની ધારણા હતી એક પ્રસંગે ચંદ્રગુપ્ત અન્નછત્રના અધિકાર પર હતો ત્યારે એક ક્રોધી બ્રાહ્મણે પોતાના પગમા સંધાયલો દર્ભ બહુ જોરભેર ઉખેડી નાખ્યો તે તેણે જોયુ, તો આ ઉગ્ર સ્વભાવનો બ્રાહ્મણ નંદ ભાઈઓને

મૂળમાંથી ઉખેડી નાખવા સમર્થ છે એમ જાણી ચંદ્રગુપ્ત તેને શરણે ગયો, અને પોતાનુ ધાર્યું વેર લેવા તેની સેવા કરવા લાગ્યો. આ દ્વિજનુ નામ પણ વિષ્ણુગુપ્ત હતું. નીતિશાસ્ત્રનો લખનાર ચણક તેનો એ દીકરો માટે ચાણકય પણ કહેવાતો. તેને અને ગુણાઢય ચંદ્રગુપ્તને સ્નેહ બંધાયો. નંદે જે અનર્થ કર્યો હતો તે ચંદ્રગુપ્તે આ પરાક્રમી બ્રાહ્મણને જણાવ્યો. તેણે ચંદ્રગુપ્તને નંદનુ રાજ્ય અપાવવાનુ વચન આપ્યુ, ને પોતે ભૂખ્યો હોવાથી ભોજનશાળામાં ગયો અને મુખ્ય આસન પર બેઠો. ત્યારે નંદને ગુસ્સો ચઢયો. આ કોઈ સાધારણ બ્રાહ્મણ છે, એમ ધારી તેને અપમાન કરી આસન પરથી ઉઠાડયો. મંત્રિઓએ રાજાના કાલાવાલા કર્યા કે વિપ્રનુ આમ અપમાન ન કરો તો પણ નંદભાઇઓએ તેને આસન પરથી ખેંચી કાઢયો, ત્યારે તેને ક્રોધ ને સંતાપ થયો.

नन्दकुल काल भुजगीं कोपानल बहलनील धूमलताम्।
अद्यापि बध्यमाना बध्य: कोनेच्छति शिखामे ॥

**અર્થ**—નંદકુળનો નાશ કરવામાં નાગણુ જેવી મારા કોપાગ્નિમાંથી નીકળતા ધુમાડાના ગોટારૂપી મારી ભરાઉ કાળી જટા જે હમણાજ બાંધેલી છે, તેને બાંધેલી જેવા કોણ ઇચ્છતો નથી ‘

પછી તે દૂષિ બ્રાહ્મણે ભોજનશાળાના મધ્ય ભાગે ઉભો રહી એક હાથે ટપલી મારી મારીને શિખા (ચોટલી) છોડી નાખી, નદકુળને મૂળમાંથી ઉખેડી નાખવાની ઘોર પ્રતિજ્ઞા કરી.

"મારી યોગ્યતા ન જાણનાર હે દર્પાંધ, દુર્મતિ, અધમ નંદ, તારાં સગાં સ્નેહી સર્વનો નાશ કરતાં સુધી હુ મારી આ જટા બાંધવાનો નહિ." આવી પ્રતિજ્ઞા કરી તે આકળો થએલો વિપ્ર નગરમાંથી તેવોજ છૂટી શિખાએ નીકળી પડયો વિનાશ-કાળ પાસે આવવાથી તે દ્વિજનો કોપ શમાવવાની બુદ્ધિ પણ તે મદાંધ નંદને સૂઝી નહિ.

ચંદ્રગુપ્ત પણ બીકનો માર્યો નગરમાંથી ચાણુકય સાથે ગયો ને તેને આશરે રહેવા લાગ્યો, કારણ હવે નગરમાં રહેવુ તેને ભયભર્યું લાગતું. ચાણુકય સિવાય કોઈ તેનો આધારસ્તંભ ન હતો. તેને છોડી બીજે ઠેકાણે રહે તો તેનુ કામ પાર પડે નહિ કુટીલ ચાણુકયે તેનો હાથ પકડી નંદ કુળનો નાશ કરવા ઘોર ઉપાય યોજવાનો આરંભ કર્યો. તેનો ઇંદુશર્મા નામે મિત્ર હતો. તેના વગથી પ જાબના બળવાન રાજા પર્વ-તેદ્રને નંદનુ અર્ધું રાજ આપવાનુ વચન દઈ તેની મ્લેચ્છ સેના પાસે કુસુમપુરને ઘેરો ઘલાવ્યો આથી નંદને ઘણો ક્રોધ ચઢયો.

તેણે પ્રધાન પર હીમત બાંધી શત્રુ સાથે લડવા નિશ્ચય કર્યો. રાક્ષસે યથાશક્તિ પ્રયત્ન કર્યો. પણ બધા નંદ ભાઇઓ સૈન્યરૂપી વાયુથી પ્રેરેલા થઇને ચાણક્યના ઘોર ક્રોધાગ્નિમા પતંગીઆ પેઠે પડયા નંદ રાજા માર્યા ગયા તેથી પ્રધાનને ઘણો કલેશ થયો. તેનુ લસ્કર થાકયુ, ખજાનો ખાલી થયો. નગરનુ રક્ષણ થશે એવો ભરોસો પડયો નહિ ત્યારે તેને નંદકુળના વૃદ્ધ રાજા સર્વાર્થસિદ્ધિનો બચાવ કરવા ફીકર થઈ નંદ પર ઘણો ભાવ રાખનારા શહેરીઓ તથા સર્વાર્થસિદ્ધિને ગુપ્ત માર્ગે તે નગર બહાર લાવ્યો. અને હવે હુ મૌર્યના પક્ષનો થાઉ છુ એમ બતાવી પ્રધાને નગર દુસ્મનને સ્વાધિન કર્યુ મોર્યનો નાશ કરાવવા એક વિષકન્યા ( પુતળી જેને સ્પર્શ કરતાં ઝેર ચઢે ) પ્રગટ કરાવી, પ્રધાને તેને મૌર્ય પાસે મોકલી આ કપટ ચાણક્યે જાણ્યુ એટલે તેને યોગે પર્વતેશનો તેણે ઘાત કરાવ્યો. તેમજ પર્વતેશના દીકરા મલયકેતુને રાજાના મરણની વાત કહી ડર ચાલ્યો એટલે મારો જીવ ભયમા છે એમ જાણી તે લસ્કર લઇ નગર બહાર રહ્યો હવે રાજા વગરનુ કુસુમપુર ચાણક્યના હાથમા આવ્યુ. પણ તેમા નંદ પર પ્રીતિ રાખનારા ઘણા લોક હોવાથી તેમાં પ્રવેશ કરવો જોખમ ભર્યું હતું.

ચંદ્રગુપ્તે પુરપ્રવેશ કર્યાં પછી પ્રધાને દારૂવર્મા વગેરે મિત્રદ્વારા તેને મારી નંખાવવા અનેક યોજના કરી, પણ પ્રધાનના બધા ઉપાય ચાણકયની નજરે પડયા. તેણે પર્વતેશના ભાઇ વૈરોચકને સમજાવ્યુ કે ક્રૂર પ્રધાને વિષકન્યા પ્રયોગે આપણા પક્ષમા પર્વતેશ રાજાનો નાશ કર્યો, પણ તેને આપવા કબુલેલો રાજ્યનો અર્ધ ભાગ હુ તમને આપીશ

સર્વાર્થસિદ્ધિ વનમાં તપ કરવા ગયો હતો તેને અનુચરો પાસે ખોળાવી ચાણકયે મારી નાખ્યો. આ વાત સાંભળી પ્રધાનને બહુ માઠુ લાગ્યુ પછી તે મલયકેતુ કને ગયો, અને તેને ઉશ્કેર્યો. તમે પિતાના વધનુ વેર લો. બધા નગરવાસીની ભક્તિ મારા પર છે. તેમણે મને ગુપ્ત રીતે મદદ આપવા કબુલ કર્યુ છે, મૌર્ય અને ચાણક્યનો નાશ કરવામાં અમે તમને બનતી મદદ કરીશુ. નદ રાજ્ય તારૂ થશે. તારા પિતાને અર્ધુ રાજ્ય આપવા કબુલ્યુ હતુ, પણ હુ તને આખું રાજ્ય આપીશ. પછી મ્લેચ્છ સેના મૌર્યને જીતવા તૈયાર થઇ.

ચાણકયે પોતાની પ્રતિજ્ઞા સત્ય કરી હજુ કંઇક ભાગ અપૂર્ણ હતો તેથી તેણે જટા બાંધી ન હતી. સ્વામિકાર્યમા ધુરંધર પ્રધાન હજુ હાથ આવ્યો ન હતો. એ કારણથી

ચંદ્રગુપ્ત રાજ્યાસન પર સ્થિર થયો એવુ તેને લાગ્યું નહિ. નંદકુળ જડ મૂળથી નાશ પામ્યુ તેથી રાક્ષસ ક્રોધે બળે છે. તેણે કલેશ પામેલા મલયકેતુ સાથે સ્નેહ જોડયો. તનેજ આખું રાજ્ય મેળવી આપીશ એવી પ્રતિજ્ઞા કરી તેનુ જબરૂ સૈન્ય લઇ ચઢાઇ કરવા ઠરાવ્યુ. લોકમાં આ વાત થતી જોઇ ચાણકયને ફીકર પેઠી કે પ્રધાન રાક્ષસની નંદકુળ પર અતિશય ભક્તિ છે, અને નંદકુળનો એક પણ પુરૂષ જીવતો હોય ત્યાં સુધી ચંદ્રગુપ્તનુ પ્રધાનપદ તે સ્વીકારશે નહિ એ જાણી તપોવનમાં ગયલા બિચારા સર્વાર્થસિદ્ધિને ચાણકયને મરાવ્યો. તો પણ રાક્ષસ નમ્યો નહિ તેણે મલયકેતુનો પક્ષ લીધો ને ચંદ્રગુપ્તના નાશ માટે પ્રયત્ન કીધો. પ્રધાનને મેળવી લીધા વગર ચંદ્રગુપ્તનુ રાજ્ય સ્થિરતા પામે નહિ માટે આવી મસલત કરી.

ચંદ્રગુપ્ત કે પર્વતેશ એમાંના એકનો નાશ થાય તો ચાણકયનો બગાડ થાય એવી બુદ્ધિ કરી રાક્ષસે મારા અત્યંત ઉપકારી મિત્ર પર્વતેંદ્રનો ધાત કરાવ્યો એવો અપવાદ ચાણકયે ઉઠાવ્યો. પોતાના મિત્ર ઇંદુશર્માને રાક્ષસ પાસે રખાવ્યો. ચંદ્રગુપ્તે ભદ્રભટ વગેરે માજી પ્રધાનો કામના થઈ પડે એવા હતા તેમને મોટા ઓહ્દા આપ્યા શત્રુની હીલચાલ જાણ્યામાં આવે માટે

ઘણાક વેષધારીઓને ગોઠવ્યા. આ પ્રમાણે ચાણક્યે વ્યવસ્થા કરી પ્રધાનને હાથમાં લેવા ઉદ્યોગ કર્યો, પણ ચંદ્રગુપ્ત શાંત રહ્યો.

નિપુણક નામે ચાણક્યનો ગુપ્ત જાસુસ શહેરની બાતમી કહેવા આવ્યો. તે બોલ્યો, ચંદ્રગુપ્ત મહારાજને સર્વ લોક બહુ ચાહે છે પણ રાક્ષસ પ્રધાનના ત્રણ જુના સ્નેહી નગરમા છે. તેઓ ચદ્રગુપ્તનો વૈભવ ખમી શકતા નથી પહેલો જીવ-સિદ્ધિ, બીજો શકટદાસ કાયસ્થ, ત્રીજો ચદનદાસ. એ જાણે કે પ્રધાનનુ બીજુ હૃદય ; એ આગેવાનો છે એમ બોલી રાક્ષસની વીટી ચાણક્ય આગળ મુકી.

ચદનદાસના ઘરમાં હુ ગાયન કરતો હતો ત્યારે એક સુકુમાર પડદામાંથી નીકળ્યો. તેને અદર ખેચી લેવા એક સ્ત્રી બારણે આવી. તેણીના હાથ પરથી આ વીટી નીચે પડી તે તેના જાણ્યામાં આવ્યુ નહિ મે તે ઉચકી લીધી.

ચદ્રગુપ્તની દ્વારપાલ શાણોત્તરા આવી, તેણે કહ્યુ, મહારાજાની ઇચ્છા છે કે પર્વતેશ્વરની ઉત્તરક્રિયા કરી તેના શરીર પરના આભૂષણ બ્રાહ્મણને આપી દેવાં. ચાણક્યે કહાવ્યું કે એ બહુ સારી વાત છે. હુ સુપાત્ર વિપ્રોને ભૂષણ લેવા મોકલી આપુ છુ પછી વિપ્ર વિશ્વાવસુ અને તેના બે ભાઇઓને રાજવાડામાં

મોકલ્યા, અને દાન લઈ ફરી મને મળજો એવી આજ્ઞા આપી. પછી સિદ્ધાર્થકના કહેવાથી શકટદાસે એક પત્ર લખી આપ્યો. તે પત્રનો ઉદ્દેશ એવો હતો કે મલયકેતુ ને રાક્ષસ વચ્ચે વિરોધ ઉભો કરવો  સિદ્ધાર્થક એ ચાણકયનો ગુપ્ત બાતમીદાર હતો તે આપણો ખરો મિત્ર છે એમ શકટદાસનુ માનવુ હતુ ચાણકયના કહેવાથી શકટદાસે તે પર મહોર કીધી

શકટદાસને મારી નાખવા લઇ જાય તે સ્થાન પર સિદ્ધાર્થકે જવુ ને ડાબી આખ ક્રોધથી ફેરવવી એટલે મારાઓ ભયનુ બાનુ કાઢી નાસી જાય  પછી શકટદાસને પ્રધાન પાસે પહોં-ચાડવો એટલે પ્રિય મિત્રના પ્રાણનુ રક્ષણ કર્યાને લીધે રાક્ષસ પ્રધાન પ્રસન્ન થઇ જે ઇનામ આપે તે લઇ કેટલોક વખત તેનીજ સેવા કર્યા કરવી  અને શત્રુ નગર પાસે આવે ત્યારે આવી રીતે કરવુ  કોને કોને દંડ કરાવવો તે પતાવ્યા પછી રાક્ષસના મોકલેલા જીવસિદ્ધિએ પર્વતેશ્વરને મારીને તેની પૂઠ પકડવી ને તેને હદ પાર કરવો  પ્રધાનમિત્ર શકટદાસ મહારાજાનો ઘાત કરવા મસલત કરે છે તેની તપાસ ચલાવી તેને શૂળીએ ચઢાવવો, અને તેનાં ઘરનાં માણસને જીવતા સુધી કેદ કરવાં એવી આજ્ઞા કાળપાશિક અને દંડપાશિક નામના મારાઓને કરીને રાક્ષસને

ફાંદામાં આણવાની યુક્તિ ચાણકયે કરી. આ બધી ગોઠવણ સારી રીતે મનમાં રાખીને સિદ્ધાર્થક ચાણકયે આપેલા કાગળ અને મુદ્રા લઈ નીકળ્યો ચાણકયનુ મન ચિંતાગ્રસ્ત હતું, વળી ક્ષણમાં આનંદ પામતું કે રાક્ષસ મારા હાથમા હવે આવ્યો આમ મન ચળવચળ થતું હતુ તેવામાં તેણે ચંદનદાસને તેડાવ્યો જીવસિદ્ધિને શકટદાસને તો શિક્ષા થઇ હવે એકલા ચંદનદાસને શિક્ષા કરવાની રહી છે તે જાણે છે કે પોતે અપરાધી છે. ચાણકયનો ત્રાસ એવો હતો કે નિરપરાધીને પણ તેડું જાય તો પેટમા ધ્રાસ્કો પડે. એથી ચંદનદાસ પોતાના ગુમાસ્તા ધનસેનને ઘરની વ્યવસ્થા કેમ કરવી, ઘરનો ઝાડો લે તો પ્રધાનના કુટુબને કયા રાખવુ એ બધી સૂચના આપી ચાલ્યો. પહેલા તો ચાણકયને ચદનદાસનુ આદરસત્કારપૂર્વક બોલવુ થયુ પછી રાક્ષસના કુટુબને આશરો આપ્યો એ તમે અપરાધ કર્યો એવો દોષારોપ સ્પષ્ટ બોલમા કર્યો. પોતાનો દોષ કબુલ કરતાં પહેલાં ચદનદાસે બહુ આડી આડી વાતો કાઢી. ત્યારે ચાણકય બોલ્યો :—

શેઠજી, નાગ ડોકે ચઢયો છે અને તેને દૂર કરવાનો ઉપાય તો કરતા નથી. વિચાર કરો, નંદને વિષ્ણુગુપ્તે રાજ્યથી ભ્રષ્ટ કીધો

તેમ પ્રધાન રાક્ષસ ચંદ્રગુપ્તને કાઢશે એવું જો તમારા મનમાં આવતું હોય તો એ ભ્રમ છોડો. રોહિણીને ચંદ્રથી દૂર કરવી અશક્ય છે તેમ ચંદ્રગુપ્તને રાજગાદીથી દૂર કરવો અશક્ય છે. શેઠજી, ચંદ્રગુપ્ત અપરાધીને બહુ ભારે દંડ દેવાનો છે, તો રાક્ષસના કુટુંબને અમારે હવાલે કરી રાજાની મહેરબાની પામો. ઢંઢેરો તો કાને આવ્યો હશે કે રાજાના માર્ગમાં નડનાર જીવસિદ્ધિ અને કાયસ્થ શકટદાસને ચંદ્રગુપ્તના હુકમથી હદપાર કરી મારી નાંખવા લઈ જવામાં આવે છે, તેથી તમારા જીવ અને કુટુંબની રક્ષા કરો, અને પ્રધાનની સ્ત્રી છોકરા અમને સોંપો.

આ ધમકી અને દહેશતથી ચંદનદાસ ડર્યો નહિ તેનો નિશ્ચય પાકો હતો. તે બોલ્યો, જો પ્રધાનનાં સગાં મારા ઘરમાં હોય તો હું આપું એમ નથી, તો જ્યારે તેઓ મારા ઘરમાં છેજ નહિ તો ક્યાંથી આપું ! આવું દૃઢ નિશ્ચયવાળું બોલવું જોઈ ચાણક્ય ચકિત થયો અને તેના મનમાં આ વિચાર આવ્યા શાબાશ, ચંદનદાસ શાબાશ ! સ્વાર્થને લાત મારી પરનું સંરક્ષણ કરવામાં શીબિ રાજા માફક આવું અઘરૂં કામ કરનાર આ જગતમાં તારા સિવાય બીજું કોણ હોય ! તને ધન્ય છે !

પણ આ મનની અવસ્થા બહાર બોલી ન બતાવતાં દુર્ગપાલ અને વિજયપાલને આજ્ઞા આપી કે ચંદનદાસને બૈરી છોકરા ગુમાસ્તા સુદ્ધાં કેદમાં પૂરો ને એની માલમતા જપ્ત કરો. ત્યાર પછી તેણે રાજા પાસે જઈ તેનું બધુ લૂટી લઈ દેહાંત શિક્ષા કરાવવા આ વર્તમાન રાજાને કાને નાખવા વિચાર કર્યો. ચંદનદાસને જતો રહેવા રજા આપી. મિત્રનુ રક્ષણ કરવા જતાં મારૂ બધુ નાશ પામે છે એ મનમાં આવ્યુ પણ તે નારાજ થયો નહિ તેને એમાં ધન્યતા લાગી.

આ તરફ જોઇએ તો ચાણકયને પણ આનંદ થયો ને મનમા તુરંગ ઉઠવા લાગ્યા કે જ્યારે ચંદનદાસને મિત્રની રક્ષા કરતા પ્રાણ વહાલા નથી, તો રાક્ષસ પણ ચંદનદાસનુ સંકટ જોઈ છુપાશે નહિ. એમ તે મારા હાથમાં આવ્યોજ જાણવો

स्वच्छन्द मेकचर मुज्ज्वल दानशक्ति
मुत्सेकिना मदबलेन विगाह मानम् ।
बुर्द्ध्या निगृह्य वृषलस्य कृते क्रियाया
मारण्यकं गजमिव प्रगुणी करोमि ॥

**અર્થ**—સ્વચ્છંદપણે વનમાં એકલો વિચરતો હાથી પોતાના ચળકતા મદની ધારા તથા બળના ગૌરવ અને અભિમાનને

લીધે ધ્યાનમાં આવે તેમ ફરે છે, તે જંગલી હાથીરૂપી રાક્ષસ પ્રધાનને હું મારા બુદ્ધિબળે પકડી લઈ ચંદ્રગુપ્તના રાજકાર્યમાં જોડીશ.

જો મલયકેતુ રાક્ષસના બુદ્ધિબળની મદદ મેળવી અમારી સાથે યુદ્ધ કરે તોપણ હું મારી કુશળતાએ તેમને વશ કરીશ

એટલામાં બહાર મોટો કોલાહલ થઇ રહ્યો શકટદાસને સિદ્ધાર્થક વધસ્થાન પરથી નસાડી ગયો એવી પૂછપરછ કરતા ચોકસી મળી. મારી યોજેલી મસલત પ્રમાણે મારૂ ધાર્યું કામ શરૂ થઇ ચૂકયુ એ જોતાં ચાણકયને શાતા વળી, તોપણ બહારથી ક્રોધ ચટયો બતાવી ભાગુરાયણને સિદ્ધાર્થકની પૂંઠે દોડી તેને પકડી લાવવા આજ્ઞા કરી. પરંતુ ભાગુરાયણ ભદ્ર-ભટ વગેરે તો શોધ કરવા ગયા ત્યાથીજ નાઠા એવુ તપાસને અંતે જણાયુ જો કે તેઓ ચાણકયની આજ્ઞાથી તેનુ ઇષ્ટ કામ (મલયકેતુના લશ્કરમા) કરવા ગયા હતા તોપણ જે થયુ તે ઠીક થયુ એમ તેને લાગ્યુ તથાપિ દેખાડયુ તો એ કે એ દુરાત્મા ભદ્રભટ વગેરેને બાંધીને લાવવાજ

હવે રાક્ષસે પણ ચાણુકયના સરખી ખટપટ કરવા માંડી સ્વસ્થ બેસી ન રહેતા ઇષ્ટ ઉદ્દેશ પાર પાડવા અનેક ઉપાય

કીધા. તેણે ગુપ્તમા ઘણા માણસ શત્રુની બાતમી લાવવા તથા તેમનામાં ફિતૂર મચાવવા રાખ્યા, અને ચંદ્રગુપ્તને મારી નાખવા યોજના કીધી. કુસુમપુરથી નીકળતી વખતે પોતાનાં સ્ત્રી છોકરો ચંદનદાસને ત્યા મૂકયાં એ પણ એક પ્રપંચ હતો. હું કુસુમપુર પર ચટાઈ લાવું છું એમ સમજાવી નંદપક્ષના લોકનો પ્રયત્ન શિથીલ થવા ન દેવો એ તેનો મુખ્ય હેતુ હતો પણ એટલેથી તેના જીવને શાતા થઈ નહિ રાજલક્ષ્મી આખરે કોના પર તુષ્માન થશે એ વિષે તેને સંશય લાગતો. ભીતી વગર ચિત્રની કર્મરચના જેવી વ્યર્થ છે તેવી સ્વામિ વિના મારી કૃતિ નિષ્ફળ જાય છે એવુ મનમાં આવતા તેની આંખમાં આંસુ આવ્યાં, અને ઉત્સાહ રહ્યો નહિ જે જે યોજનાએ મે મૌર્યનો નાશ કરવા ધાર્યુ તેજ યુક્તિએ તેજ મારા માણસોનો નાશ થયો છે વળી શકટદાસ જીવ-સિદ્ધિ એમની ખટપટ વ્યર્થ જવાની નહિ એ વિચારથી તે ધીરજ ધરતો. મારા સ્વામિનો પ્રાણ લેનાર ચંદ્રગુપ્તને વાઘની માફક મારૂં કે કેમ ? જો અદૃશ્ય દૈવ મને પ્રતિકુળ ન હોય તો તે બને એમ છે, એવો વિચાર પણ તેને આવ્યો. રાક્ષસને આભૂષણ પહેરવાં બહુ પ્રિય હતાં, પણ નંદરાજાના મરણના શોકમાં તે ઘરેણાં પહેરતો ન હતો કુમાર મલયકેતુને આ

ગમ્યું નહિ. તેથી તેણે પોતાના શરીર પરનાં કેટલાંક આભૂષણ તેને પ્રીતિપૂર્વક મોકલ્યાં તેનો અંગીકાર કરવો કે કેમ તેનો રાક્ષસને વિચાર પડયો. જ્યાં સુધી દુસ્મન પક્ષનો સંહાર કરી સુગાંગ મહેલમાં હેમાંક સિંહાસન પર મલયકેતુને બેસાડું નહિ ત્યાં સુધી આ નિર્બળ દીન દેહનો ગર્વ કરવો ઉચિત નથી માટે ભૂષણ તો પહેરવા નથી પણ રાજાજ્ઞા ભંગ કરવી એ અનુચિત એવો છેવટ નિશ્ચય કરી તેણે અલંકાર રાખ્યાં. તેનો વિરાધગુપ્ત નામે જાસુસ મદારીનો વેષ લઇ કુસુમપુર ગયો હતો તે પાછો આવ્યો. તેને જોતાં તથા નંદરાજાના મનુષ્યોની હાલની દશા મનમાં લાવતાં પ્રધાનને રડવુ આવ્યુ વિરાધગુપ્તે પ્રથમ તો તેને ધીરો પાડયો કે એ દિવસ જતા રહેશે ને પહેલાંની સ્થિતિ પાછી આવશે.

किं शेषस्य भर व्यथा न वपुषि क्ष्मा नक्षिपत्येषयत्
किंवा नास्ति परिश्रमो दिनपते रास्तेनयन्निश्चल :
किं त्वङ्गीकृत मुत्सृजन्कृपणवत्श्लाध्योजनोलज्जते
निर्व्युढं प्रतिपन्न वस्तुषु सतामेत द्धिगोत्र व्रतम् ॥

**અર્થ**—શું શેષનાગને પૃથ્વીનો ભાર શરીર પર લાગતો નહિ હોય કે તે તેને ફેંકી દેતો નથી ! શું સૂર્યને ફરતાં થાક લાગતો

ન હોય કે તે ઉભો રહેતો નથી? લાગે છેજ. પણ સારા માણુસ પોતે જે કામ કરવાનુ માથે લીધુ હોય છે તે હલકા મનુષ્યની માફક છોડી દેતાં શરમાય છે. સજ્જનનો એક ટેક છે કે પોતે આરંભેલુ કામ પાર લાવવુ,

એમ આશ્વાસના કરી તે બોલ્યો .—

ચંદ્રગુપ્ત અને પર્વતેશ્વરે સૈન્ય લઈ કુસુમપુરને ચોતરફ ઘેર્યું. ત્યારે સર્વાર્થસિદ્ધિ મહારાજ લોકને થતો ઉપદ્રવ સહન ન થઇ શકયાથી સુરંગ વાટે તપોવનમાં ગયા. સ્વામિ કોઈ રહ્યો નહિ એટલે આપણુ સૈન્ય શિથીલ પડયુ. પછી તમે પણ પુનઃ નંદ-રાજ્યની સ્થાપનાનો ઉદ્યોગ કરવા સુરંગ માર્ગે નીકળી ગયા ચંદ્રગુપ્તના નાશ માટે તમારી યોજેલી વિષકન્યાએ બાપડા પર્વતેશ્વરનો ઘાત કર્યો. બાપ માર્યો ગયો એટલે ત્રાસ પામી મલયકેતુ નગરમાથી નીકળી પડયો. પર્વતકને આપવા કબુલેલુ અર્ધું રાજ્ય તેના ભાઇ વૈરોચકને આપવા કહી તેને ચાણકયે પોતાનો કીધો

ચંદ્રગુપ્ત નંદના રાજવાડામાં પ્રવેશ કરવાનો છે એવી બાતમી તેણે આપી રાજવાડાને તોરણુ કમાન વગેરેથી શણ-ગારવા ચાણકયે શિલ્પી લોકને આજ્ઞા કરી છે. દારૂવર્મા એ

ગજવાડાનો પહેલો દ્વાર સોનાના તોરણે સુશોભિત કર્યો છે, એ સાંભળી ચાણક્ય સંતોષ પામ્યો, અને તેની પ્રવીણતાનાં વખાણ કરી આવી સારી કારીગરીનો બદલો જલદી મળશે એવું બોલી બતાવ્યું. મધ્યરાત સમયે સુમુહૂર્તમાં ચંદ્રગુપ્ત નંદભવનમાં પ્રવેશ કરશે અને ચંદ્રગુપ્ત સાથે વૈરોચક એક આસન પર બેસી રાજ્ય વહેંચી લેશે પછી વૈરોચકનો અભિષેક કરી વસ્ત્રાલંકાર પહેરાવી ચંદ્રગુપ્તની ચંદ્રલેખા નામે હાથણી પર બેસાડયો, ને તેની પાછળ ચંદ્રગુપ્તના અનુયાયી રાજાઓ ચાલતા હતા આમ વૈરોચક નંદભૂવનમાં જતો હતો ત્યારે એજ ચંદ્રગુપ્ત છે એમ સમજી આપણો દારૂવર્મા તેના પર યંત્રતોરણ પાડવા સજ્જ થયો એટલામાં ચંદ્રગુપ્તનો માવત આપણો બર્બરક, તેણે સોનાની છડી જે હાથમાં હતી તે ઉગામતાજ હાથણી ઉતાવળી ચાલી, એટલે યંત્રતોરણ બિચારા બર્બરક પર તુટી પડતા તે છુંદાઈ મુઓ. દારૂવર્માના હાથમા લોખંડની સાગ હતી તે ફેંકી તેણે હાથણી પરના બિચારા વૈરોચકને મારી નાખ્યો વૈરોચકના પાયદળે પથરા મારી દારૂવર્માને મારી નાખ્યો અમારા વૈદ અભયદત્તે જે ઓસડ ચંદ્રગુપ્તને આપવા તૈયાર રાખ્યુ હતુ તે ચાણક્યે સુવર્ણપાત્રમાં રેડી જોયુ, ત્યારે તેનો રંગ બદલાયો ચાણ-

કયે ચ દ્રગુપ્તને તે ન પાતાં વૈદને પાયુ, ને વૈદ મુઓ. શયનગૃહમાં પ્રમોદકાને રાખી હતી તેની પાસે આપણું પુષ્કળ ધન હતું, તે ઉડાઉ ખર્ચ રાખતી હતી. તે સંશય ચાણુકયને પડયો, એટલે ચોકસી કરતાં તો તે ડામાડાળ થવા લાગી અને તેમાં તેણીનું કપટ દેખાયું. ચાણુકયે તેને દુ ખ દઇ દઇને જીવ લીધો. ભીતમાં ચોરખાનું હતું, તેમાં અમે બિભત્સક આદિ માણસ ચંદ્રગુપ્તનો ઘાત કરવા રાખ્યા હતા રાજા સુવા જાય તે અગાઉ ચાણુકય નિત્ય ઓરડાની બારીક તપાસ કરી જોતો. તેણે ભીંત પર કીડીની હાર દીઠી, ને મો માં ખાવાનાં રજકણ દીઠાં એટલે શક પડતાં અનુમાન કીધુ કે ભીતમાં હરામખોરા ભરાયલા હોવા જોઇએ. પણ ચોરખાનુ નહિ જડયુ એટલે તેણે ઓરડો સળગાવી મૂકયો ને આપણા નિમકહલાલ માણસ આગના ધુમાડામાં ગુ ગળાઇ બહાર નીકળી શકયા નહિ ને મરણ પામ્યા.

પછીથી ચાણુકય ચ દ્રગુપ્તને વધારે જાળવવા લાગ્યો આપણા પક્ષના જે જે શહેરમાં હતા તેમને શોધી શોધી સજા કરી ક્ષપણુક અને જીવસિદ્ધિ પર પર્વતેશ્વરને માર્યાનો આરોપ મેલી તેમને ગધેડે બેસાડી નગર બહાર હાંકી કાઢયા.

શકટદાસ પર દોષ મૂકયો કે તે ચંદ્રગુપ્તને મારી નાખવા દારૂ-વર્માને પ્રવૃત્ત કર્યો (ઉશ્કેર્યો), ને તેને શૂળીએ ચઢાવ્યો.

ચંદનદાસના ઘરમાં તમારાં સ્ત્રી છોકરાં હતાં તે ચાણકયે માગ્યાં પણ તેમને હવાલે ન કર્યાંને કારણે ઘરબાર લૂટી લઈ તેને કુટુંબ સુદ્ધાં કેદમાં પૂર્યો. આ સાંભળતાં રાક્ષસની આંખમાં અશ્રુધારા વહેતી હતી મો પર હર્ષ, ખેદ, વિસ્મ-યની છાયા મધુરી મધુરી દેખાતી હતી, પણ ચંદનદાસ સહ-કુટુંબ કેદમા ગયો એ બોલ કાને પડતાં તેને ધૈર્ય રહ્યુ નહિ. એવામાં શકટદાસ આવે છે એવી ખબર સેવકોએ આપી તે તેને ખરી લાગી નહિ, પણ પ્રત્યક્ષ શકટદાસ તેની આગળ આવી ઉભો બને એકમેક ભેટયા તેને સિદ્ધાર્થકે ઉગાર્યો એ જાણ્યામા આવતા પોતાના શરીર પરના બધા ભૂષણ તેને બક્ષિસ કીધાં, અને તેનાં બહુ વખાણ કર્યાં. સિદ્ધાર્થકે ભૂષણ લઈ મુજરો કરી રાક્ષસને પ્રણામ કર્યાં અને ચાણકયે જે ઉપદેશ કર્યો હતો તેને અનુસરી "તમારા ભંડારમાજ એ ભૂષણ મૂકુ છુ, ખપ પડશે ત્યારે લઈ જઈશ ' એવી વિનતિ કીધી. રાક્ષસ એનો અર્થ સમજ્યો નહિ. દાગીનાની થેલી પર મહોર કરી શકટદાસને સોંપી પછી સિદ્ધાર્થક બોલ્યો,

ચંદનદાસનાં આંગણાંમાં પડેલી પ્રધાનની વીંટી તેજ આ અને સંતોષપૂર્વક પ્રધાનને તેણે તે આપી. રાક્ષસે તે શકટદાસને આપી. એ વડે આપણાં બધાં કામ કર્યાં જજે એવી આજ્ઞા કરી. પછી બને વિશ્રાંતી લેવા ગયા.

તે ગયા પછી વિરાધગુપ્તે કુસુમપુરના સમાચાર વળી કહેવા માંડ્યા. ભદ્રભટ વગેરે પ્રધાનોમાં ફૂટ પડી છે. મલયકેતુને કુસુમપુરમાંથી રોકયા વગર જવા દીધા, તેથી ચંદ્રગુપ્ત ચાણકય પર ક્રોધે ભરાયો અને ચાણકય પણ ચંદ્રગુપ્તનો જયને લીધે ઉદ્ધત થએલો સ્વભાવ સહન કરી શકયો નહિ તે રાજાજ્ઞા તોડે છે ને રાજાને સતાપે છે. આમ આપણી યોજના પ્રમાણે ફૂટ અને કલહ કાર્યનુ બીજ રોપાય છે પછી રાક્ષસને આશા થઈ કે અમારી મસલત સફળ થવાની રાજનગરમા વૈતાલિકાને વેષે ચંદ્રગુપ્તની હજુરમાં રહેનાર સ્તનકલશ નામના પોતાના પ્રિય મિત્ર પાસે વિરાધગુપ્તને નવી મસલત આપી મોકલ્યો. જે જે વખતે ચાણકય ચદ્રગુપ્તની આજ્ઞા ભગ કરે તે તે વખતે તે બનેનુ વેર સળગે એમ ચદ્રગુપ્તની સ્તુતિ કરવી અને તૂટ વધે છે કે ઘટે છે તે કરભક સાથે કહાવવુ આ પ્રમાણે સ્વાર્થસિદ્ધિ કરવાની યોજના રાક્ષસે કરી

બંને કૃતાર્થ થયા છે. હવે એકને બીજાની ગરજ રહી નથી. બંને અપેક્ષા વગરના છે હવે જો તેમનામાં એક વાર વિરોધ ઉઠે તો ફરી સ્નેહ જોડાવાનો નહિ.

ચંદ્રગુપ્ત રાજાને ઇચ્છા થઇ કે નગરવાસીઓ ચાંદરણામાં ઉત્સવ કરે ને તે હું સુગાંગ મહેલ પરથી જોઉં પછી તેણે લોકને આ આજ્ઞા આપી. હવે ચંદ્રિકોત્સવ જોવાને તે સેવકો સાથે મહેલની અગાસીએ ચઢયો. શરદ ઋતુની શોભા અને દિશાઓનો સ્વચ્છ, રમણીય દેખાવ જોઇ તેને આનંદ થયો પણ નગરમાં કૌમુદિ મહોત્સવનાં ચિન્હ દેખાયાં નહિ, એટલે તે ગુસ્સે થયો તપાસ કરતાં જાણ્યામા આવ્યુ કે ચાણકયે ઉત્સવ બંધ રખાવ્યો, તે પરથી તેણે ચાણકયને મળવા બોલાવ્યો.

આ તરફ જોઇએ તો રાક્ષસ પ્રધાનના ઉદ્યોગ વિષે ચાણકય પોતાના ઘરમા વિચાર કરતો બેઠો હતો. એવામા રાજાનુ તેડું આવ્યુ. ચાણકય મહેલમાં આવ્યો ને ચંદ્રગુપ્તને સિંહાસન પર બિરાજતો જોઈ પોતે કૃતકૃત્ય થયો એમ માન્યુ. રાજાએ તેનો યોગ્ય આદરસત્કાર કરી ઓચ્છવ બંધ રખાવવાનુ પ્રયોજન પૂછ્યુ. ચાણકય આ સહન કરી શકયો નહિ. તે

બોલ્યો, હે રાજા, તારી સિદ્ધિ પ્રધાનને આધિન છે. તારે **પ્રયોજન** શોધીને શુ કામ છે? આ બોલ કાને પડતાં પોતાને ઝાંખ લાગી એમ સમજી ચદ્રગુપ્તને સંતાપ થયો ને તે મો ફેરવી બેઠો. એટલે સ્તનકલશ જેને રાક્ષસે વૈતાલીકાને વેષે રાખ્યો હતો તેણે રાજાની સ્તુતિ કીધી. તે સ્વામિના માનને ઉત્તેજન આપતી હતી તે આ બોલ સૂચવે — તારા સરખા સાર્વભૌમ્ય નૃપતિ આજ્ઞાભગ સહન કરતા નથી પ્રધાનનુ આ કપટ ચાણક્યના મનમાં સ્હેજ આવ્યુ રાજાએ પ્રસન્ન થઇ વૈતાલિકાને સહસ્ત્ર મહોર બક્ષિસ દેવા હુકમ આપ્યો. ચાણક્યને આ ગોઠ્યુ નહિ તેણે ચદ્રગુપ્તને દોષ દીધો કે ખાલી નજરમા આવે તેમ દ્રવ્ય ઉડાવો છો ચદ્રગુપ્ત આ વચન સાંખી શકયો નહિ ને ઉલટો ઉત્તર દીધો. આ રાજ્ય તે રાજ્ય નથી, એ એક બધન છે. આમ બીજા પણ અરસપરસ બોલો કહ્યા આખરે ચદ્રગુપ્તે ઠરાવ્યુ કે રાજ-કારભાર હુ પોતેજ ચલાવીશ. આટલુ છતાં પણ તેણે ઉત્સવ બધ રાખવાનુ કારણ માગ્યુ, ને ચાણક્યને તે કહેવુ પડ્યુ તે બોલ્યો, ચદ્રગુપ્ત તારી આજ્ઞા તોડવી એજ પ્રથમ પ્રયોજન ઘણાએક મોટા મોટા રાજા તારી આજ્ઞા પ્રમાણ માને તે મે ભાગી અને તારૂ પ્રભુત્વ વિનયરૂપી શણગારયુક્ત છે એ

સર્વત્ર પ્રસિદ્ધ કીધુ  રાક્ષસની સલાહ મુજબ મલયકેતુ સૈન્ય લઈ નગર પર આવે છે તો આ યુદ્ધનો સમય છે ઉત્સવનો નથી. મલયકેતુને જતો કીધો, રાક્ષસને જતો કીધો, એનાં કારણ, નન્દ પર પ્રીતિ રાખનારી આ પ્રજાનો તેના પર પૂર્ણ વિશ્વાસ, તે જાતે બહુ પરાક્રમી, મસલતી, તેને દ્રવ્યનું, મિત્રનુ બળ, જો તે નગરમાં રહ્યો હોત તો અનર્થ કરતે, કદી શાંત બેસતે નહિ  પ્રજામાં બખેડો ઉભા કરતે માટે તેને નગરમાંથી મુગે મોંએ જવા દીધો, જબરાઇથી પકડી કેદમાં ન પૂર્યો  યુક્તિદ્વારા તેને હાથમા લેવો એજ ઠીક લાગ્યુ.

આ ભાષણ સાંભળી રાજાએ ચાણકયની પ્રશંસા ન કરતાં રાક્ષસ એજ પ્રશસાપાત્ર પુરૂષ ખરો એમ બોલી તેનું પાણી ઉતાર્યું. આ કંઇ ચાણકયને રૂચે ? તે ખીજવાયો. તોપણ તેને વધારે ચીડવવાને ચદ્રગુપ્તે પ્રશંસા ચાલુ રાખી. રાક્ષસ પરાક્રમી ખરો  મારા માથા પર પગ મુકીને તેને ગમ્યું તેટલા દિવસ તે નગરમાં રહ્યો  અમારૂ સૈન્ય જયનાદ કરવા પ્રવૃત્ત થયુ ત્યારે તેણે મના કીધી  વધારે તો શુ પણ તેણે પોતાના નીતિ વૈભવથી અમારી બુદ્ધિ એવા મોહમાં નાખી છે કે અમારો વિશ્વાસ અમારા સેવકવર્ગ પર બેસતો નથી.  આ

પરથી રાક્ષસ એજ મતિમાન, શૂરો, સહાસિક અને મહાત્મા ખરો. આ મૌર્યવચન સાંભળતાં ચાણકય ખળભળી ઉઠયો .—

અલ્યા વૃષ્ણીકુળમા ઉત્પન્ન થએલા રાજા, રાક્ષસનુ ચાલે તો તારો સમૂળો નાશ કરી મલયકેતુને રાજાધિરાજ પદ પર સ્થાપન કરે. ત્યારે મૌર્ય બોલ્યો, નદનો નાશ નંદકુળ દ્વેષી દેવે કીધો, તેં શું કીધુ?

ચાણકય રાતો થઇ બોલ્યો, જે મર્ખ છે તેજ દૈવને પ્રમાણ માને છે.

રાજાએ પ્રત્યુત્તર દીધો, ભટજી, વિદ્વાન પોતાની મોટાઇ મોહે બોલે નહિ.

ચાણકય પગ પછાડી બોલ્યો—નદના નાશથી શાંત પડેલો મારો ક્રોધાગ્નિ તુ શું કામ પ્રદિપ્ત (સચેત) કરે છે ને યમ-લોકમાં જવા નીકળ્યો છે? પછી ચાણકયે તરવાર કાઢી ચદ્રગુપ્ત આગળ મુકી કહ્યુ, "મારા કરતાં રાક્ષસ શ્રેષ્ઠ છે, તો આ શસ્ત્ર તેનેજ બધાવ ને રાક્ષસનાં કૃત્ય પછી તારાજ માઠામાં થશે!"

લોકને લાગ્યું કે હવે ચાણકયને રાજકારભારથી દૂર કીધો.

કંચૂકી બોલી,—મહારાજ, હવે તમારૂ પરાધિનપણું ગયુ ને દેવપણુ પ્રાપ્ત થયુ એ બહુ સારૂ થયુ.

આ ખાલી કજીઆથી એજ અર્થ સાધવાનો હતો કે રાક્ષસ અને મલયકેતુમા બગાડ પેસે. હવે રાક્ષસને ઉંઘ આવતી નહિ, કપાળ દુખતુ અને મારૂ યોજેલુ કામ સફળ થશે કે કેમ તે ચિતા લાગી. શકટદાસ પાસેજ બેઠો હતો એવામાં કરભક ત્વરાથી આવ્યો. પ્રધાનની ડાબી આખ ફરકી, કંઇ દુશ્ચિન્હ લાગ્યુ પણ હાથમાં લીધેલુ કામ પાર પાડયા વિના છોડવુ નહિ એ તેનો નિશ્ચય હતો મલયકેતુ ને ભાગુરાયણ પણ ત્યા આવવા નીકળ્યા ભાગુરાયણ બોલ્યો, મોટાનો આશ્રય કરવો પડે તો તેના કોઇ મિત્રદ્વારા કરવો એ ન્યાય છે રાક્ષસને ચાણુકય સાથે વેર છે, ચદ્રગુપ્ત સાથે નથી. રાક્ષસની નદકુળ પર અત્યંત ભક્તિ છે ને ચદ્રગુપ્ત નંદ વશનો છે એના સગા પણ ચદ્રગુપ્તના નગરમા રહે છે એ કારણે ચઢાઉ સ્વભાવના ચાણુકયને પ્રસગ પડતાં પ્રધાનગીરી પરથી દૂર કર્યો અને રાક્ષસને કુળનો પરંપરાનો પ્રધાન સમજી મૈત્રિ કીધી તો અમારા પરથી મલયકેતુનો ભરોસો ઉડી જશે. એથી રાક્ષસની મારફત મલયકેતુને આશ્રયે હુ આવ્યો નહિ.

કરભક રાક્ષસ પ્રત્યે કહે છે,—કુસુમપુર જઇ હુ સ્તનકળશ નામની વૈતાલિકાને મળ્યો, તેને તમારી મસલત કહી. ચંદ્રિકોત્સવની સર્વ લોકને આજ્ઞા આપેલી તે લોકે માની પણ ચાણકયે ઓચ્છવ બંધ પાડયો. તે પ્રસગે સ્તનકળશે ચદ્રગુપ્તનો ક્રોધ સળગે એવી સ્તુતિ કરી. એટલે મૌર્યે ક્રોધ સતપ્ત ચાણકયને અધિકાર પરથી દૂર કર્યો, ને તમારી પ્રશંસા કરી. તમને અને મલયકેતુને નગર છોડી જતાં ચાણકયે રોકયા નહિ તેથી ચદ્રગુપ્ત બહુજ ગુસ્સે થયો. વિષ્ણુગુપ્ત હજી પાટલીપુત્રમાં છે. તે તપોવનમાં જવાનો છે એમ સભળાય છે

મનુષ્ય લોકના ઇંદ્ર જેવા નદ રાજાએ આસન પરથી ઊચી કાઢયો. એ માનભંગ જે સહન કરી શકયો નહિ તે ચાણકય પોતે રાજપદ પર બેસાડલા રાજાએ કરેલુ અપમાન કેમ સાંખી રહ્યો છે એવી રાક્ષસને શકા થઈ. તેનુ નિરાકરણ શકટદાસે કર્યું

ચંદ્રગુપ્ત પર રાક્ષસને દ્રેષ નથી માત્ર ચાણકય પર છે, એ વાત મલયકેતુની ધ્યાન પર સ્પષ્ટ રીતે લાવી તેનુ મન રાક્ષસ પરથી ઉઠાવવુ એવો પ્રધાન ભાગુરાયણ પ્રયત્ન કરતો. પછી મલયકેતુ રાક્ષસને મળવા આવ્યો પ્રધાને તેનો બહુ આદરસત્કાર કર્યો

કુશળ સમાચાર પૂછ્યા પછી યુદ્ધ પ્રસંગ નીકળ્યો. ત્યારે રાક્ષસ બોલ્યો, કુમાર, શત્રુ પર જય મેળવવા સ્વારી લઈ જવાની આ તક છે. ચાણકયને ચંદ્રગુપ્તમાં વિરોધ ઉત્પન્ન થયો તેથી ચંદ્રગુપ્ત પર મોટુ સંકટ આવી પડયુ. પ્રધાન હાથ પર નથી એટલે સ્વારી ફાવશે. ચંદ્રગુપ્ત પોતે કારભાર ચલાવવા અસમર્થ છે. તે પ્રધાનના તંત્ર પ્રમાણે વર્તનાર છે. ચાણકય વગરનો તે ચક્ષુ–વિકળ છે પ્રધાન વગર કંઇ ન કરી શકે એવો રાજા તે સ્તનપાન કરનાર છોકરા જેવો પરાધિન છે પછી રાક્ષસે ક્ષપણક અને જીવસિદ્ધિ પાસે મુહૂર્ત નક્કી કરવા શુભ દિવસ જોવડાવ્યો.

સિદ્ધાર્થક ચાણુકયનો પત્ર અને આભૂષણની પેટી લઈ નગરમાં જતો હતો તેને માર્ગમાં ક્ષપણક મળ્યો મલયકેતુનુ સૈન્ય નગર બહાર પડયુ હતું, તેમાં થઇને જવાને પરવાનો જોઇએ, માટે ભાગુરાયણ પાસે પરવાનો લેવા ગયો તે સભામંડપમાં પરવાનો લખવા ગાદી માંડી બેઠો હતો. તેનુ મન ચાણકય નીતિની વિચિત્રતા જોઈ વિસ્મય પામ્યુ. તે નીતિ પ્રસંગાનુસાર સૂક્ષ્મ અને વિસ્તારિણી, ગહન અને વ્યાપક, અતિ કૃષ અને સંપૂર્ણાંગી, જેનુ બીજ નાશ પામેલુ છે એવી

અને બહુ ફળ લાવનારી હોઈ દૈવ સરખી વિચિત્ર છે. તે આ વિચારમા હતો, મલયકેતુ મારી સાથે સ્નેહથી વર્તે છે ને હુ શુ કરૂ છું! પરતંત્ર માણુસ શુ નહિ કરે! તે કુળ, લજ્જા, કીર્તિ માન બધુ ઉતારે છે. લોભનો માર્યો પોતાનો દેહ પણ ધનવાનને વેચે છે. હિત અહિતનો વિચારશૂન્ય બને છે. સારાશ ફાવે તેવુ કરવાને તે આગળ પાછળ નજર કરતો નથી. એવામાં ક્ષપણક પરવાનો લેવા આવ્યો. તેને ભાગુરાયણે રાક્ષસનુ વૃત્તાંત પૂછ્યુ. તે વખતે મલયકેતુ ઓથે ઉભો રહી સાંભળતો હતો "રાક્ષસની નંદકુળ પર ભક્તિ અતિશય. મોર્ય પણ તેજ વશનો તેથી તેમને કદાચ સધિ થશે, અથવા તો પ્રતિજ્ઞા સ્મરણમાં રાખી તે સત્ય પાડશે."

ક્ષપણક બોલ્યો, હે શ્રાવક, હુ મદભાગ્ય પાટલીપુત્રનો રહીશ. મારે પ્રધાન સાથે મૈત્રિ થઈ. ગૂઢ વિષકન્યા પ્રયોગે મારે હાથે રાક્ષસે પર્વતેશ્વરને મરાવ્યો. મને રાક્ષસ મિત્ર જાણી દુષ્ટ ચાણક્યે મને નગરમાથી કાઢી મૂક્યો. રાક્ષસ બધી વાતે કુશળ છે લોકમા એવી વાત ફેલાવી કે આપવાં કબુલેલુ અર્ધું રાજ્ય પર્વતેશ્વરને મળે એ પ્રસગ આવવા ન દેવાને ચાણક્યે તેનો ઘાત કરાવ્યો. ચાણુક્ય તો એ વિષે કંઈ જાણતો નથી.

રાક્ષસના મિત્રના મુખથી આ શ્રવણ વિદારણ ભાષણ સાંભળી મલયકેતુને પિતાના વધનુ દુ ખ બમણુ લાગ્યુ. તેના મનમા રાક્ષસ પર વિરોધબુદ્ધિ દૃઢ થઈ. તે બોલ્યો, રાક્ષસ, આ તેં શુ કર્યુ ! તુ મિત્ર છે એમ ધારી પર્વતક રાજ્યનો સર્વ ભાગ તને સોંપી પોતે સ્વસ્થ થવા ધારતા પણ તેં તો સર્વને રડાવ્યા.

ભાગુરાયણને ચાણકયે આજ્ઞા આપી હતી કે રાક્ષસનુ પ્રાણ રક્ષણ કરવુ. તે હવે બોલ્યો રાજનીતિ જોતા રાક્ષસને મોટો દોષ લાગતો નથી નદનુ રાજ્ય સર્વાર્થસિદ્ધિને અપાવવુ તેમા તારો પિતા ચંદ્રગુપ્ત કરતા પણ વધારે પ્રતિકૂળ માટે તેનો ઘાત કરાવ્યો જુઓ, પૂર્વ જન્મમાં વીતેલી વાત આ જન્મમા સ્મરતી નથી તેમજ આ જન્મમા હવે પછી શુ થશે તે મનુષ્યને સૂઝતુ નથી તેથી નદ રાજ્ય પ્રાપ્ત થતા સુધી રાક્ષસ સાથે મિત્રભાવ રાખવો પછી મનમા આવે તેમ કરવુ આ વિચાર કુમારને ગમ્યો. રાક્ષસનો વધ કરવા જતા પ્રજા નારાજ થાય, સામી થાય, અને જય મેળવના અડચણ પડે

એવામા સિદ્ધાર્થક સૈન્યમાથી પરવાના વગર જતો પકડાયો તેને હાથે પગે બાધી રાજસેવક ત્યા લાવ્યા. તેની પાસે રાક્ષસની

મહોરવાળો એક કાગળ હતો. પુછપરછ કરતાં સમજાયુ કે તે રાક્ષસનો સેવક છે ને રાક્ષસને કામે જાય છે. તે એક મોઘમ પત્ર હતો,--તમે ત્રણ દાગીના મોકલ્યા તે મળ્યા જેને જે આપવા કબુલ્યુ છે તે આપવુ તેમને સંતોષવા અને પ્રતિજ્ઞા સત્ય પાડવી સિદ્ધાર્થક વિશ્વાસુ છે તે મારો સંદેશો મોઢે કહેશે.

આમા મલયકેતુને કંઇ સ્પષ્ટ સમજાયુ નહિ સિદ્ધાર્થકને લશ્કર બહાર લઇ જઈ બહુ માર્યો માર સહન ન થયો ત્યારે તે બોલ્યો,–રાક્ષસે એ પત્ર આપી મને ચંદ્રગુપ્ત કને મોકલ્યો છે તેણે મોઢે આ સંદેશો કહાવ્યો છે કે સિંહનાદ, પુષ્કરાક્ષ સિંધુસેન, ચિત્રવર્મા, અને મેઘનાદ એ પાંચ રાજાઓ મારા પ્રિય મિત્ર છે તેમને જે આપવા કબુલ્યુ છે તે આપી સંતુષ્ટ રાખવા

હવે મલયકેતુએ રાક્ષસને મળવા તેડ્યો કુમારના મોકલાવેલાં અલંકાર ન ઘાલતાં શકટદાસ પાસેથી, વેચાતાં લીધેલાં અલંકારમાંનુ એક પહેરી તે કુમાર પાસે ગયો. મલયકેતુએ પુછ્યુ. આ પત્ર કોનો ? આ અલંકાર ક્યાંથી મળ્યુ ? રાક્ષસ બોલ્યો એ પત્ર શકટદાસે લખ્યો છે ચંદ્રગુપ્તના મોકલેલા

એક વેપારી પાસેથી આ અલંકાર મેં વેચાતું લીધુ. કુમાર બોલ્યો, ચંદ્રગુપ્તને કંઈ સંકટ ન આવ્યુ હોય કે તે અલંકાર વેચવા કાઢે? શુ આ ચાણકયનો પ્રપંચ છે? રાક્ષસ આંખમાં આંસુ લાવી બોલ્યો, હે રાજકુમાર, સર્વ દૈવનો ખેલ છે. અધિકાર એ અપમાનનુ ઘર અને ભયનુ સ્થાન છે. તેમાં સુખ, નિરાંત લેશ પણ નહિ આ ક્ષપણક અને જીવસિદ્ધિ ચાણકયના ગુપ્ત માણસ છે

મલયકેતુ બહુજ રોષે ભરાયો ને બોલ્યો, મારા પિતાનો વધ શુ તુ દૈવનો ખેલ ગણે છે? તેણે ચિત્રવર્માદિ પાંચને મારી નાખવાનો હુકમ આપ્યો ને રાક્ષસને કહ્યુ, તું ચંદ્રગુપ્તનો આશરો લે, હુ તને જીવતો મૂકું છુ.

સિદ્ધાર્થક ચાણકયની આજ્ઞાથી ચંદ્રગુપ્તને આ વૃત્તાંત કહેવા ગયો ચાણકયનુ ધાર્યું આટલે સુધી ઠીક પાર પડયુ પણ હજુ રાક્ષસને વશ કરી ચંદ્રગુપ્તની રાજલક્ષ્મીને સ્થિર કરવાનુ ભારે કામ બાકી રહ્યુ. સિદ્ધાર્થક ઘેર જતો હતો તેવામાં તેનો પ્રિય મિત્ર સમિધાર્થક મળ્યો. તેણે પૂછ્યુ એટલે હકીકત જણાવી કે ચાણકય નીતિથી મોહવશ થએલી બુદ્ધિના મલયકેતુએ પાંચ પ્રધાન રાજાઓને જીવથી માર્યાં. એટલે બીજા

સામંત રાજાઓ આ દુષ્ટ મલયકેતુ અવિચારી છે એમ જાણી પોતપોતાની ટુકડી લઇ પોતાને દેશ જવા નીકળ્યા. એ જોઈ ભદ્રભટ વગેરે સરદારોએ મલયકેતુને કેદ કીધો

આર્ય ચાણક્યે પોતાનું સૈન્ય તૈયાર કરી મલયકેતુના મોટા મોટા સરદારોને મેળવી લીધા. દેખીતી રીતે એણે પ્રધાનપદ છોડયું હતું ને પાછો મંત્રિપદ પર આરૂઢ છે. આ પ્રકાર કોઇની સમજમાં આવે નહિ. એની નીતિને નમસ્કાર! જેનો પાર રાક્ષસ સરખો પ્રધાન પામી શકયો નહિ, તો બીજાનુ શું ગજુ!

ઉદુંબર નામે ગુપ્ત જાસુસે હમણા ચાણકયને ખબર કરી છે કે રાક્ષસ હાલ મલયકેતુને છોડી કુસુમપુર આગળ આવી રહ્યો છે. તેના આવવાનુ કારણ ચંદનદાસ પરનો તેનો સ્નેહ છે. નંદ રાજ્ય ફરી સ્થાપવા તે નગર બહાર રહ્યો હતો, પણ સ્નેહને લીધે આવવુ પડયુ. આપણુ એને ચંદનદાસને શૂળીએ ચઢાવવાનુ કામ સોંપ્યુ છે તો ચાલ ભાઈ, ચંડાળનો વેષ ધરી તેને આપણે વધસ્તંભ પર લઇ જઇએ.

આ તરફ જોઈએ તો અમાત્ય રાક્ષસ કુસુમપુર ન પહોંચતાં નગર પાસે બાગ હતો તેમાં ગયો. શહેર જોતાં તથા પહેલાંની વાત યાદ આવતાં તેની આંખમાં પાણી આવ્યાં. તે મનમાંજ બોલ્યો —

શીવ શીવ! શુ દુ:ખ આવી પડયુ? આશ્રય નાશ થતાંજ જેમ જારીણી સ્ત્રી બીજાને જાય તેમ આજ રાજલક્ષ્મી ચદ્રગુપ્તને ગઈ, ને ત્યાં સ્થિરતા પામી બધાં મારાં માણસ પણ પૂર્વપ્રેમ વિસારે નાખી નવા ભૂપતિની પાછળ ગયા અમારો પ્રયત્ન નિષ્ફળ ગયો એટલે છેક નજીકના માણસોએ ઉદ્યોગ છોડયો. હાય! આ પ્રસગે શુ કરવુ? દૈવ આડુ આવે છે. એમાં તે વિપ્રનો દોષ નથી આ મલયકેતુ કેટલો વિવેકહીન છે તે તો જુઓ જે રાક્ષસ સમૂળ નષ્ટ થએલા નંદકુળની સેવામાજ છે તે શત્રુને કેમ જઈ મળે તે વિચારશૂન્ય કુમારના મનમા આવ્યુ નહિ ઠીક, જે હતભાગ્ય છે તેની બુદ્ધિમા એવો વિપર્ય પડવાનોજ મારી પ્રતિજ્ઞા ખરી ન પડી એટલે લોકમાં અપકીર્તિ થઇ, તે ચાલવા દો, પણ સામા પક્ષને આધિન થઈ રહેવુ એ બહુ અનુચિત છે.

એવુ બોલે છે એટલે આખમા પાણી આવ્યા છાતી ભરાઈ આવી આમતેમ નજર કરી વળી બોલ્યો, હાય, હાય, નદ રાજાના પગલા પડવાથી પવિત્ર થએલી આજ ભૂમિ! નદરાજા લગામ છૂટી મકી દોડતે ઘોડે ચચળ લક્ષ વેધન કરી પોતાની તીર મારવાની કુશળતા અનેક વાર દર્શાવતા તે આજ સ્થળ!

આજ બગીચામાં મારે રાજા સાથે ઘણીવાર ભાષણ થતુ. અહિંજ અમે વારવાર વિશ્રાંતિ લેતા.

હવે તે રાજાઓ નથી તેથી આ સ્થળ જોતા મારા મનને કેવુ દુ:ખ થાય છે. હાય! હુ મદ ભાગ્ય હવે કયાં જાઉ! અરેરે, આ મારી સ્થિતિ શી! જુઓ તો ખરા, મનુષ્યને સમ વિષમ દશા કેવી આવી મળે છે! નગરવાસીઓ મારા તરફ આગળી દેખાડી બીજના ચંદ્રમાની માફક જોશે. નગરમાથી હુ બહાર નીકળતો ત્યારે ઘણા ઘણા સરદારો મારી આસપાસ રહેતા, પણ હવે તે ઐશ્વર્ય કયા રહ્યુ! આજ તો ચોર સરખો આ જીર્ણ થએલી વાડીમાં પેસી જવાનો પ્રસગ આવી પડયો છે. એમ બોલતો તે એક શીલા પર બેઠો. ત્યાં તેને કાને મગળ વાજીત્રનો નાદ પડયો તે નાદ મલયકેતુ બધનમાં આવ્યાથી મૌર્ય કુળનો સતોષ સૂચવનારો હોય એમ લાગે છે. તેને આ ઠેકાણે ચદનદાસ વિષે બાતમી મેળવવી હતી માટે તેણે આમતેમ નજર કરવા માંડી. તો કોઈ એક પુરૂષ ગળે ફાંસો ઘાલી રહ્યો છે એવુ નજરે પડયુ. આ પુરૂષ ચાણકયની આજ્ઞાથી કંઇ હેતુએ ત્યા આવ્યો હતો. પણ એ કપટ રાક્ષસના જાણ્યામાં શેનુ આવે! રાક્ષસે તેને

શ્રણાએક પ્રશ્ન પૂછયા, તેનો ઉત્તર તેણે આમ આપ્યો. અરે ભાઇ, પ્રિય મિત્રના નાશથી દુ:ખી થઇ મેં આ કૃત્ય કરવા ધાર્યું છે. મારી વાત હુ ટુકામાં કહુ છુ તે સાંભળ.

વિષ્ણુદાસ નામે એક ઉત્તમ જડીઓ આ નગરમાં છે, તે મારો પ્રિય મિત્ર છે. તે સર્વ દોલત લોકને વહેંચી દઇ અગ્નિ-પ્રવેશ કરવાના હેતુથી નગર બહાર આવ્યો છે. તેના માઠા સમાચાર સાંભળતાં પહેલાં જીવ કાઢવા માટે હુ આ જુના બાગમાં આવ્યો છુ. વિષ્ણુદાસનો ખાસ મિત્ર ચ દનદાસ નામે એક શ્રેષ્ઠ શાહુકાર છે. તેનો નાશ થવાનો છે, એ વિષ્ણુદાસના અગ્નિપ્રવેશનું કારણ. મિત્ર પરના સ્નેહને લીધે વિષ્ણુદાસે ચંદ્રગુપ્ત આગળ વિનંતિ કીધી કે મારૂ સર્વ વિત્ત લઇને મારા પ્રિય મિત્ર ચંદનદાસને મુક્ત કરો.

ચંદ્રગુપ્તે ઉત્તર આપ્યો · અલ્યા વિષ્ણુદાસ, ધનની આશાએ ચ દનદાસને કેદમાં પૂર્યો નથી. તેને તો પ્રધાન રાક્ષસના સ્ત્રી છોકરો પોતાના ઘરમાં છે તે અમને સોંપી નથી દેતો માટે પૂર્યો છે. જો, આવું કૃત્ય ફરી કોઈ કરે નહિ માટે તેને દેહાંત-દંડ આપવા વધસ્થાને શૂળી દેવા લઈ જાય છે.

વિષ્ણુદાસનું દુષ્ટ મોત સાંભળ્યા પહેલાં ગળેફાંસો ખાઇ મરૂ માટે હું અહીં આવ્યો છું. ચંદનદાસને અદ્યાપિ માર્યો નથી, તેની પાસે અમાત્યનાં સ્ત્રી છોકરો મંગાય છે, અને તે સ્નેહને લીધે આપતો નથી માટે તેનું મોત ઢીલમાં રાખ્યું છે.

ચંદનદાસનો ઘાત કર્યો નથી એ બોલ કાને પડતાં રાક્ષસને ધૈર્ય આવ્યું, તે તે પુરૂષને કહેવા લાગ્યો, હું ચદનદાસને મોતથી છોડાવુ છું તું વિષ્ણુદાસને જઇને કહે કે અગ્નિપ્રવેશ ન કરો. મારી તરવાર મને મિત્રને છુટકારો પમાડવાના કાર્યમાં પ્રવૃત્ત કરે છે. આ બોલવા પરથી તે રાક્ષસ પ્રધાન છે એમ પેલા પુરૂષની ખાતરી થઇ. રાક્ષસે પણ પોતાનુ નામ તથા કર્તવ્યવિચાર તેને કહ્યા.

ત્યારે તેણે રાક્ષસને સૂચવ્યુ.–આગળ ચ દ્રગુપ્ત મહારાજે શકટ-દાસનો વધ કરવા આજ્ઞા કરી હતી. તેને વધસ્થાન પર લાવતાં કોઇ ત્યાંથી નસાડી ગયુ, તે પ્રસગે ચંદ્રગુપ્તે પોતાનો ક્રોધાગ્નિ ઘાતકજનને મારી શાંત કીધો. ત્યાર પછીથી ચ ડાળો વધ્ય પુરૂપની આસપાસ કોઇ શસ્ત્રધારીને જુએ કે તરતજ પોતાનો જીવ ભયમાં ન આવી પડે માટે પેલા બિચારાને વધસ્થાન પર લાવતાં પહેલાં રસ્તામાંજ મારી નાંખે છે. માટે જો આપ

શસ્ત્ર લઈને જશો તો તે દુષ્ટજન ચન્દનદાસને તત્કાળ કતલ કરશે.

આ ભાષણ સાભળતા રાક્ષસને ચાણકય નીતિની ગહનતા સમજાઈ તે બોલ્યો, ચાણકયની મસલત સમજાય એવી નથી ને તર્કમા આવે એવી પણ નથી. એ નીતિમાર્ગ દુર્બોધ છે. હાલ શસ્ત્રધારણ ઉચિત નથી મિત્રનો નાશ થાય ત્યારે હુ ઉદાસી (વૈરાગવાન) બનુ ને જોયા કરૂ એમા મહા દોષ લાગે. તો ચન્દનદાસને આ દેહ વેચી મિત્રને છોડાવવો એ ઉત્તમ છે. આમ રાક્ષસ તો વશ થયો, તોપણ તે પ્રધાનપણુ સ્વીકારે અને ત્યારે રાજ્ય સ્થિર થાય એ મુખ્ય કામ હજુ કરવાનુ હતું તે પાર પાડવા ચાણકયે તજવીજ કીધી તે આ રીતે.

સ્મશાન ભૂમિ. પ્રવેશ.

ચડાળ—પુરવાસીઓ, ખસો, આઘા રહો, જો તમારા જીવ, મીલકત, કુટુબ, સ્ત્રીની રક્ષા કરવા માગતા હો તો આવા ભયકર રાજદ્રોહથી તમે છેક છેટા રહેજો. શરીરને અપથ્ય જો કોઇ કરે તો તે એકલો રોગે પીડાય કે મરી જાય પણ રાજદ્રોહીનુ આખુ કુટુબ માર્યુ જાય મારા બોલ પર તમને વિશ્વાસ ન આવે તો જુઓ, આ શેઠ ચન્દનદાસ, બૈરી છોકરા

સુદ્ધાં વધસ્થાન પર લઇ જવામાં આવે છે. શામાટે ? એણે મહારાજા સાથે છળ કીધો

તમારૂ એમ પુછવુ થતું હોય કે એના છૂટવાનો કંઇ ઉપાય છે ? તો હુ તમને બતાવુ. એણે રાક્ષસનુ કુટુબ ચંદ્ર-ગુપ્તને સોંપી દેવુ. પણ અતૂલ સ્નેહને લીધે તેણે એમ કીધુ નથી. પોતાનો આશરો માગનાર પ્રત્યે જે માયાળુ છે તે કદી પોતાના સ્વાર્થ ખાતર દુષ્ટ કૃત્ય કરે નહિ ગૃહસ્થો, એને શાંતિ મળે એવુ ઇશ્વર પાસે માગો.

ચંદનદાસ અપરાધીને વેષે આવે છે તેની પાછળ એક ચંડાળ શૂળી ખાંધે મેલીને ચાલે છે, અને પુઠે એક સ્ત્રી તથા છોકરો છે.

ચંદનદાસ—(રડતા) અરે રે! કાળ ભગવાન, તમને મારા નમસ્કાર સ્વધર્મથી ડગલુ પણ ન ખસે એવા માણસને ધાડપાડુને ઘટતી શૂળી વેઠવી પડે! હિંસા ન કરવી પડે માટે મૃગ (હરણ) ઘાસ ખાય છે. તે નિર્દોષનુ માસ દુરાગ્રહિ શિકારીનો ભક્ષ છે.

ચંડાળ—શેઠજી, હવે વધસ્થાન આવ્યુ. તમારા સગાને પાછાં વાળો.

ચંદનદાસ—પ્રિયા, પુત્રને લઈને જા, હવે મારી પાછળ આવવું યોગ્ય નથી

સ્ત્રી—(રડતી) પ્રાણનાથ, તમે પરલોક જાઓ છો, દેશાવર જતા નથી

ચંદનદાસ—મે જાતે ગુન્હો કર્યો નથી, મિત્રની ખાતર પ્રાણ આપુ છુ. માટે વિલાપ ન કરો, ઉત્સવ કરો.

સ્ત્રી—આમ છે તો હુ પાછી ફરીશ નહિ સતી થઈશ ને શાંતિ પામીશ

ચંદનદાસ—તારો વિચાર અયોગ્ય છે નાના છોકરાનું રક્ષણ કરનાર હવે તુજ રહી. તેને દુનીઆનો અનુભવ નથી.

સ્ત્રી—અદૃશ્ય દેવ એને સુખી રાખો ! બેટા, આ તારા પિતાને તો તું ફરી દેખીશ નહિ. એને પગે લાગ

છોકરો—(પગે પડતા) પિતાજી, તમારા સદાના વિયોગે મારા દિવસ કેમ જશે ?

ચંદનદાસ—દીકરા, ચાણક્ય દીઠામાં ન આવે એવા મુલકમાં વસજે, એટલે સૌ સારૂ થશે.

ચંડાળ—શેઠજી, શૂળી ઉભી કીધી છે. તૈયાર થાઓ.

સ્ત્રી—કોઈ મહેરબાનો આવો, આવો, ઉગારો

વજ્રલોમ—બિલ્વપત્ર, ચંદનદાસને ઉપાડ, એટલે સ્ત્રી એની મેળે જશે.

સ્ત્રી—( છાતી કુટતી ) અરે કોઇ મહાશય આવો, બચાવો, હાય !

એટલે રાક્ષસ માત્ર મોં દેખાય એવો બુરખો ઓઢેલો દોડતો આવ્યો ને બોલ્યો. બાઇ, શાંત થા.

**येन स्वामिकुलं रिपुरिवकुलं दृष्टं विनश्यतिपुरा**
**मित्राणा व्यसने महोत्सव इव स्वस्थेन येनस्थितम् ।**
**आत्मा यस्य वधाय वः परिभव क्षेत्रीकृतोपी प्रिय-**
**स्तस्येयं मम मृत्युलोक पदवी वध्य स्रगावध्यताम् ॥**

**અર્થ**:—જેણે પોતાના સ્વામિના કુળનો નાશ જેમ એક શત્રુના કુળનો થતો હોય તેમ ઉભા ઉભા જોયા કર્યો જે પોતાના સ્નેહીઓને દુ.ખ આવ્યુ ત્યારે શાંત રહી કંઈ મહોત્સવ જોવા બેઠો હોય તેમ જોતો હતો, જેનો આત્મા તમારા જેવા સત્પુરૂષના નાશનું કારણુ થયો છે, અને જે અપકીર્તિનુ સ્થાન છે તથાપિ એવો આત્મા જેને ઘણો પ્રિય છે તે મારા (રાક્ષસ) પર આ વધ્ય પુરૂષનો યમલોકના માર્ગરૂપી હાર નાખો.

એવામા એક ચ ડાળે નંદકુળરૂપી પર્વતને તોડવામાં વજ્ર-સમાન ચાણુકયને વરદી આપી કે રાક્ષસ પકડાય એમ છે બીજો ચ ડાળ ચંદનદાસ તથા સ્ત્રી છોકરાને લઇ ઝાડ નીચે બેઠો.

ચાણુકયને આ સમાચાર મળીતા અત્યત આનદ થયો. તે બોલ્યો —કહો. જે અગ્નિની જવાળા ઉચી ઉછળી રહી છે તે અગ્નિને વસ્તીથી કોણે બાંધ્યો? હમેશા ગતિમાં રહેનાર વાયુને પાતળી દોરીથી કોણે ગતિહીન કર્યો? મદોન્મત્ત હાથીને મારનાર સિહને કોણે પકડી પાજરામા પૂર્યો! અરે રા! ભયકર સાગર બાહુબળથી કોણ તરી ગયો? જુઓ તો ખરા, આ મારી નીતિ ચદ્રગુપ્તને આવી પડતાં અનર્થ ફેરવી નાખી કેવાં શુભ ફળ લાવે છે?

આ પ્રમાણે આત્મશ્લાઘા (આપવખાણ) કરી રાક્ષસ વશ કરવાનુ દુષ્કર (અઘરૂ) કાજ મે કર્યુ એમ ચાણક્યે સૂચવ્યુ પછી રાક્ષસને જોઈ તે મનમા બોલ્યો, જેણે પોતાની બુદ્ધિરૂપી પરાક્રમનો ભય આપી ચદ્રગુપ્તની સેનાને અને મારી મતિને રાતદહાડો ત્રાસ દીધો તેજ આ રાક્ષસ છે. પછી રાક્ષસને નમસ્કાર કરી બોલ્યો —અમાત્ય રાક્ષસજી. આ બ

પુરૂપ ચંડાળ નથી. એક સિદ્ધાર્થક છે ને બીજો સમિધાર્થક છે. એ બંને રાજ પુરૂષ છે. મે આ બંને શકટદાસ સાથે મૈત્રિ કરી ને કપટપત્ર લખાવ્યો. તેનો મર્મ બિચારા શકટ-દાસને ખબર નહિ. વધારે શુ? થોડામા કહુ છુ. તે ભદ્રભટાદિ સેવક, તે કપટલેખ, પેલા ત્રણ અલકાર, પેલો તમારો ખાસ મિત્ર ભદંત, જીર્ણઉદ્યાનમાં આવી મળેલો પુરૂપ. ચદનદાસનો કલેશ વિગેરે સર્વ પ્રયત્ન ચદ્રગુપ્તના રાજ્યમા આપનુ પ્રધાનપણુ ઇચ્છનાર ચાણુકયનાજ છે એવામા ચદ્રગુપ્ત પણ રાજસેવક સાથે રાક્ષસને મળવા આવ્યો આમ ત્રણેની ભેટ થઇ ચદ્રગુપ્તે રાક્ષસને નમસ્કાર કર્યાં, ને રાક્ષસે રાજાને આશીર્વાદ આપ્યો પછી ચદનદાસને છોડવાની વાત નીકળી. ચાણકયે આગ્રહ કર્યો કે રાક્ષસ ચદ્રગુપ્તનુ પ્રધાનપણુ સ્વીકારે અને ચદનદાસના પ્રાણ બચે એ સિવાય બીજો માર્ગ ન હતો રાક્ષસને મોટી પચાત થઇ પડી નિરૂપાય બની મિત્ર સ્નેહને લીધે સચીવપદ સ્વીકારી શસ્ત્ર ધારણ કર્યું ત્યારે તે મનમા બાલ્યો, નદ પરના સ્નેહનો ગુણ મારામા વાસ કરી રહ્યો છે ને હુ તો તેના શત્રૂનો સેવક થાઉ છુ. જે કુમળુ કદમનુ ઝાડ મે હાથે પાણી પાઈ નાનેથી મોટુ કર્યું ને તો આજ નષ્ટ થઇ ગયુ છે મિત્ર રક્ષણ માટે શસ્ત્ર ગ્રહણ કરવુ પડે છે. કર્મ

સંજોગ એવો આવ્યો ત્યારે પ્રસંગને માન આપી પ્રધાનપણું ચલાવું. એમ નિશ્ચય કરી ચાણુક્યના હાથમાંનું શસ્ત્ર તેણે લીધુ ત્યારે ચાણુક્ય કૃતાર્થ થયો. એવામાં ભદ્રભટ ભાગુરાયણ ઈત્યાદિ મલયકેતુને બાંધીને લાવ્યા. રાક્ષસે ચંદ્રગુપ્તને વિનંતી કરી કે તેનો પ્રાણ ઉગારવો ચદ્રગુપ્તે તે માન્ય કીધી : કેમકે પ્રધાનની ઇચ્છા પ્રથમ મુહૂર્તમાં તોડવી એ અઘટીત લાગ્યુ.

ચંદ્રગુપ્તે આજ્ઞા આપી કે રાક્ષસની વિનંતિને લીધે હુ મલયકેતુને તેના પિતાનુ રાજ્ય આપુ છુ. અને ભદ્રભટાદિકે તેને લઈ જવો ને રાજ્યાભિષેક કરી પાછા આવવું. રાક્ષસની ભલાઈ મલયકેતુની ધ્યાન પર લાવવા "રાક્ષસની વિનંતીને લીધે" એ બોલ મુદ્દામ બોલી બતાવ્યા. પછી ચદનદાસને નગરમાં શ્રેષ્ઠ પદ પર સ્થાપન કર્યો (નગરશેઠ બનાવ્યો)

પ્રધાનનો આશીર્વાદ.

वाराहीमात्मयोनेस्तनुमवनविधावास्थितस्यानुरूपा
यस्य प्राग्दन्त कोटिं प्रलय परिगता शिश्रिये भूतधात्री।
म्लेच्छै रुद्विज्यमाना भुजयुग मधुना संश्रिता राजमूर्तेः
सश्रीमद्बन्धु भृत्याँश्चरमवतुमहीं पार्थीव श्चन्द्रगुप्तः

**અર્થ.**—પ્રસંગને અનુરૂપ થનાર સ્વયંભૂ ઇશ્વરે વરાહરૂપ ધરી પોતાના દંતૂશળ પર પૃથ્વી રાખી પ્રલય વખતે રક્ષણ કર્યું તેમ હાલ પણ પોતાના બે ભુજ પર દુષ્ટજનોની બીકથી ભયભિત થએલી પૃથ્વી ધરી રાખનાર વરાહ સરખોજ ચદ્રંગુપ્ત રાજા શ્રીમાન્ સ્નેહીઓ અને સેવકવર્ગ સુદ્ધાં આ પૃથ્વીની દીર્ઘકાળ રક્ષા કરો.

ચાણક્યે પોતાની પ્રતિજ્ઞા સર્વથા પૂર્ણ થઈ માટે મુક્ત શિખા ( છોડેલી ચોટલી ) બાંધી.

**સમાપ્ત.**

# ગૃહસ્થનાં લક્ષણ.

ગૃહસ્થ પોતાના ધંધામાં ઉદ્યોગી હોય, કરકસર કરનાર હોય, ઉદાર હોય ને સુલેહસપમાં રહેનાર હોય છે. વળી તે આનંદી, ધીરજવાન અને સ્હેજમાં ઉશ્કેરાઈ ન જાય એવો હોય છે. વ્યવહારમાં પ્રમાણિક ને સત્યવાદી હોય, સાચા દેવનો વિશ્વાસુ સેવક હોય ને તેની આગળ નમ્ર થઇને રહે તે નીચ અને હલકાં વાનાં પર મન લગાડે નહિ. પોતાના બાળકને કેળવણી આપવાને અને તેમને ઉદ્યોગી કરવાને તે ખત ધરાવે. પોતાના તાબાના માણસ પર તે મયા રાખે અને તેમના ભલાનો વિચાર રાખે. તે પોતાનો વગ પડોસીઓને કજીઆ ટંટાથી અટકાવવામા અને તેમને ઉદ્યોગી રાખવામાં વાપરે. વળી તે શાંત પ્રકૃતિનો ને સંતોષી હોય, કાયદા અને ન્યાયી સત્તાને તાબે રહે. ગરીબ, માંદા, વિધવા અને અનાથનો મદદગાર થઈ રહે સરકારની વફાદાર પ્રજા થઈ રહે આવા ગૃહસ્થ પોતાના જાતિભાઈ તરફથી માન ને પ્રતિષ્ઠા પામે

**મુદ્રારાક્ષસ કથાસાર મળવાનાં ઠેકાણાં :—**

**મુંબઈ.**—નિર્ણયસાગર પ્રેસ

**સુરત.**—ડાહ્યાભાઈ નગીનદાસ.—હરીપુરા